॥ ॐ ॥

"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત"

મુ. ધનસુરા.

મૂળ બંધારણ અને કાર્યક્ષેત્ર.

સં. ૨૦૦૧ થી ૨૦૧૦

શ્રી ધનસુરા ધર્મશાળા. (તલોદરોડ)

તેમજ

શ્રી હીરાપુરકંપા અધિવેશનનો હેવાલ

સં. ૨૦૧૦



પ્રકાશકો :

કાર્યવાહક કમીટી.

"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત."

મુ. ધનસુરા.

॥ ૐ ॥

"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત"

મુ. ધનસુરા.

મૂળ બંધારણ અને કાર્યક્ષેત્ર.

સં. ૨૦૦૧ થી ૨૦૧૦

શ્રી ધનસુરા ધર્મશાળા. (તલોદરોડ)

તેમજ

શ્રી હીરાપુરકંપા અધિવેશનનો હેવાલ

સં. ૨૦૧૦



પ્રકાશકો :

કાર્યવાહક કમીટી.

"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત."

મુ. ધનસુરા.

॥ हरि ॐ तत्सत् ॥

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત)ના

મુખ્ય સિદ્ધાંતો

૧. પોતાના ચારિત્ર્યને પવિત્ર રાખવું એજ ઉન્નતિનો મુળ પાયો છે.
૨. માનવતાના આદર્શોમાં રાચવું એજ સાચું સુખ છે
૩. પ્રભુના પ્રત્યેક વિધાનમાં માનવીએ પોતાનું કલ્યાણ પારખવું એજ સાચી બુદ્ધિમત્તા છે.
૪. સત્ય ત્યાં સંપ અને ત્યાંજ ખરી ઉન્નતિ છે.
૫. અન્યના ગુણો જોવાના અભ્યાસથી ગુણવાન થવાય છે.
૬. સમુદાયની પ્રસન્નતામાંથી માનવી અમર કીર્તિ મેળવે છે
૭. પરમ પિતા પરમેશ્વરના સંતાન તરીકે સૌમાં સમભાવના કેળવવી.
૮. સર્વ સંપત્તિને વિશ્વાત્માની કૃપાનું કારણ સમજવું.
૯. કુદરતે દાનમાં આપેલી સાધનોને દાન આપવાની વૃત્તિ વડે જ જાળવી શકાય છે.
૧૦. સ્વતંત્રતાનું મુળ, સત્ય, સેવા અને અહિંસામાં સમાએલુ છે.
૧૧. કરેલા ઉપકારો કરતાં સહન કરેલા અપકારોનું મહત્વ ઉંચુ છે.
૧૨. નૈતિક ઉન્નતિ કરવી એજ સાચો પુરુષાર્થ છે.
૧૩. સુખ અને દુઃખ એ માનવીની માન્યતાઓનું નામ છે.
૧૪. સંસારમાં અનેકતાને એકતામાં જોનારાઓજ સાશ્વત શાન્તી અનુભવે છે.
૧૫. શરૂઆતથી સંગ્રહિક લક્ષ રાખી કરેલું કાંર્ય તે સ્વાર્થ, જ્યારે છેવટ સુધી પણ ફળની આશાનું લક્ષ ભુલી કરેલું શુભ કાર્ય તે પુરુષાર્થ.
૧૬. ઉચ્ચ કોટીનાં કર્તવ્યો એ ધર્મનાં મુળ છે. જ્યારે ધર્મ એ સકલ જગતનું મુળ છે.
૧૭. કોઇનાથી કોઇ દુઃખ ન પામે અને કોઈના વગર કોઈ સુખ ભોગવેના, એજ સાચો ધર્મ છે
૧૮. સૌના પ્રિય થવામાં નિર્ભયતા, જ્યારે સૌના અપ્રિય થવામાં સર્વનાશ સરજાય છે.
૧૯. મનુષ્યના વિચારોની શુદ્ધતા એજ તેનું જીવન છે, જ્યારે વિચારોની મલિનતા એજ તેની મૃતાવસ્થા છે.
૨૦. આદર્શ જીવનની એક પળ કરતાં કલુષિત જીવનનાં સો વરસોની કિંમત ઘણી હલકી ગણાય છે.
૨૧. બીજાના હકોની જાળવણી કરતાં પોતાના હકો આપોઆપ જળવાઈ રહે છે.



પૂજ્યપાદ મહારાજ શ્રી ઓઈશ્વરરામજી ગુરુ લાલરામજી
(ઈશ્વરાશ્રમ ટ્રસ્ટ ચાંદોદ)

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત

મુ. ધનસુરાનું

મુળ બંધારણ

આ સમાજનું મુળ બંધારણ (સ્થાપના) મુળ વતન ગુજરાતમાં વસી રહેલા સમાજના પૂર્વજો કે જેમાંથી કેટલાક કચ્છ પ્રદેશના ખેતી સહાયક સંયોગોને આવકારી ત્યાં વસ્યા જેમણે કચ્છ દેશને ખેતી પ્રધાન બનાવવામાં પોતાની ઉન્નતિ જોઇ અને સમયના પરિબળે કરી, પોતાની જાત સંખ્યાને જાત મહેનત વડે ગુજરાન ચલાવવામાં જોઈતા ક્ષેત્ર વિશાળતાના કારણે ફરી પાછા આદ્‌વતન ગુજરાતમાં આવી વસ્યા તેમ સેજ બંધેલું છે. જેમ કચ્છ દેશમાં વસેલા પાટીદાર સમાજની, સામાજિક માર્ગદર્શિતા ઝળવાય છે. તેમ અહિં ગુજરાતમાં પણ વારંવાર સમાજ ઘડતર થતું રહ્યું છે. તે શિરસ્તા મુજબ સમયોચિત ઘડતર માટે સં. ૨૦૦૦માં મુ. અણીયર કંપા તાબે માલપુરમાં સમાજ સંમેલન ભરવામાં આવ્યું જેના પ્રમુખ હંસરાજભાઇ નારાયણભાઇ, ઉપ-પ્રમુખ શ્રી નારણભાઈ રતનશીભાઇ તથા સેક્રેટરી શ્રી કરશનભાઈ પચાણભાઇ તેમજ આમ્યવાર સભ્યો તરીકે જુદા જુદા ભાઈઓની ચુંટણી કરવામાં આવેલી હતી અને તેજ સંયોગોમાં આગેવાન દરેક સભ્યની હાજરી હોય એવી એક બંધારણીય સભા શ્રી ઓઢાટીમ્બા કંપા તાબે આમલીઆરા મુકામે ભરી, સમયાનુકુળ બંધારણ નક્કી કરી તેનો રિપોર્ટ છાપી બહાર પાડવામાં આવેલો હતો, ગયા સમય બંધારણ મુજબ સમાજનું કામકાજ ચાલતું રહ્યું અને છેવટમાં સં. ૨૦૧૦ના ફાગણ વદી ૯ ના રોજ એદલપુરા કંપામાં સમાજના આગેવાન સભ્યોની ખાસ સભા યોજવામાં આવી તેમાં પ્રમુખ શ્રી હંસરાજભાઇ, ઉપ-પ્રમુખ નારણભાઈ, સેક્રેટરી શ્રી કરશનભાઈ વગેરે મુરબ્બી વડીલોએ પોતપોતાના સ્થાનો સંભાળ્યા અને સભા કાર્ય કરવામાં આવ્યું. આ સભામાં હાજર રહેલા લગભગ ત્રણસો આગેવાન સભ્યોએ નીચે મુજબનું બંધારણ સર્વાનુમતે ઘડી કાઢીને તેનો અમલ કરવા, કરાવવાની ફરજ સમાજના દરેક ભાઈ-બહેન, કાર્યવાહકો

અને ગામવાર આગેવાનોને કબુલ રાખવામાં આવેલી છે. આ એદલપુર કમ્પામાં સમાજની ખાસ સભાનું કામકાજ પુરું કરી જુના અગ્રગણ્ય કાર્યકરોએ પોતાની વયોવૃધ્ધતાના કારણે આપેલાં રાજીનામાં મંજુર કરવામાં આવ્યાં અને દરેક ગામના આગેવાનોની બહુમતી વડે પંદર સભ્યોની બનેલી સમાજની કાર્યવાહક કમીટી નીમવામાં આવેલી છે જે કમીટીએ સ્વયં મતાધિકાર પધ્ધતિ મુજબ પોતામાંથીજ પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી વગેરેની વરણી કરેલી છે. ઉપરોક્ત માજી કાર્યકર્તાઓએ પોત પોતાનું કાર્યક્ષેત્ર અને જવાબદારી તે કાર્યવાહક કમીટીને સોંપેલી છે. આ સભામાં હાજર રહેલા તમામ આગેવાનોના સર્વાનુમતે ઠરાવ મુજબ ચાલુ સાલમાં સમાજનું જનરલ અધિવેશન મુકામ હીરાપુર કમ્પામાં કરવાનું નક્કી કરવામાં આવેલું છે. અધિવેશન ખર્ચ માટે ઉમેદવારી ફાળો ચાલુ કરી અને તદ્ઉપરાંત આવશ્યકતા જણાય તો સમાજ સીલકમાંથી પુરું પાડવાની મંજુરી આપવામાં આવેલી છે.

એદલપુરા સભામાં મળેલા ગામવાર આગેવાનોની સર્વાનુમતે વર્તમાન સંયોગોને અનુસરીને શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતના જ્ઞાતિ બંધારણના ઠરાવોને સુધારીને નક્કી કરવામાં આવેલ છે જેનું પાલન કરવાની સમાજના દરેક સભ્ય ભાઈ બહેનોની ફરજ છે. (સં. ૨૦૦૬ના રિપોર્ટમાં છપાએલા જ્ઞાતિ બંધારણના દરેક ઠરાવોના બદલે સદરહુ તારીખ થી ઘડાએલા ઠરાવોનો અમલ સમાજમાં થાય તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.)

✲ મુળ બંધારણના ઠરાવો. ✲

૧. (અ) સમાજની કાર્યવાહક કમીટી ઓછામાં ઓછા પંદર સભ્યોની બનેલી હોવી જોઈએ કે જે ગામવાર આગેવાનોની હાજરીવાળી સમાજની ખાસ સભા કરી તેના બહુમત નિર્ણયથી ચુંટવામાં આવે.

(બ) કાર્યવાહક કમીટી સ્વયં મતાધિકાર પદ્ધતિ વડે પોતામાંથી પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી વગેરેની નિમણુંક કરી શકે.

આ કમીટી, સમાજની નવી ચુંટણી ન થાય ત્યાં સુધી એટલે કે ઓછામાં ઓછાં ત્રણ વરસ માટે નિમવામાં આવે અને તેની નિમણુંક માટે સમાજની ખાસ જનરલ સભા કે અધિવેશન યોજવામાં આવશે.

(ક) ખાસ આકસ્મિક કારણોમાં કમીટીના કોઈ સભ્યને છુટા થવાનું મંજુર કરવાની ફરજ પડે તો તેવા પ્રસંગોમાં કમીટી સમાજના અગ્રગણ્ય વ્યકિતઓના સુચન મુજબ તેમ કરી શકશે અને ખાલી પડેલી સીટ પર સમાજમાંથી યોગ્ય વ્યકિતની કમીટી પોતાના બહુમત વડે કામચલાઉ નીમણુંક કરી શકશે.

૨. આ કાર્યવાહક કમીટી, સમાજમાં શાન્તિપૂર્વક અને ઉન્નતિશીલ કાર્યો અને ઉકેલો કેળવણી પૂર્વક પ્રચાર, તેમજ સમાજને ધાર્મિક અને સામાજિક માર્ગે ઉન્નતિ પ્રેરનારી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા બંધાએલી રહેશે.

૩. સમાજમાં દાનવીરો અને લોક લાગણી વડે બંધાએલી ધર્મશાળાઓ કે જે ધનસુરા વગેરે સ્થળે આવેલી છે તેનો આદર્શ વહિવટ, ખાસ વ્યવસ્થાપક કમીટી નિમીને સમાજની કાર્યવાહક કમીટી ચલાવે.

૪. (અ) સમાજના ઉન્નતિશીલ કાર્યક્ષેત્રને નિભાવવા, આગળથી ઠરાવેલ ધોરણે, ધર્માદા ફંડ તરિકે સમાજમાં દરેક ગામ આગેવાન મારફતે દર હળ લાકડે પાંચ રૂપીઆ.વાર્ષિક ઉઘરાવે અને તેની પહોંચ આપે. (આવી ધર્માદા ફંડની રકમ, કમીટી સમાજની ધનસુરા ઓફીસે, પ્રતિવર્ષે મહા સુદ ૨ થી મહા વદી ०)) સુધીમાં વસુલ લે.)

(બ) આવો ધર્માદા આવક અને સમાજના ખર્ચ ખાતાનો હિસાબ દર વર્ષે કમીટી હેવાલદ્વારા બહાર પાડે.

૫. (અ) આ સમાજની ઓફીસ મુ. ધનસુરા, ધર્મશાળા, તલોદરોડ પર કાયમ કરવામાં આવે છે અને ત્યાં પ્રતિ ત્રણ માસે કમીટીની ત્રિમાસીક સભા ભરવાનું નક્કી રાખવામાં આવે છે. આવી સભા મે. પ્રમુખ સાહેબ ખાંસ કારણવસાત ગમે તે પ્રસંગે બોલાવી શકે છે. સભાઓમાં સમાજના કાર્યક્રમ વખતે કાર્યવાહક કમીટીના દરેક સભ્યે તેમજ અગાઉથી બોલાવેલા કોઈપણ સમાજ સભ્યે અવશ્ય હાજરી આપવાની ફરજ રહેલી છે જેથી કારણની બહાલી મેળવ્યા વગર કોઈપણ સભ્ય ગેરહાજર રહી શકશે નહિ.

(બ) કમીટીની કોઈપણ સભામાં પ્રસંગોપાત ઓછાવત્તા સભ્યોની હાજરી દરમિયાનમાં (ગેરહાજર રહેલા સભ્યોએ) જે જે સભ્યોએ હાજર રહીને બહુમતે જે જે નિર્ણયો લીધા હશે તે તેને કબુલ રાખવા પડશે.

૬. આ કમીટીએ ચુંટણી વડે ઠરાવેલા પ્રમુખ, સેક્રેટરી, વગેરેને દરેક સભ્યના કોઈપણ સામાજિક કાર્યક્રમ અને ક્ષેત્રની, સમાજ શિસ્ત મુજબ દોરવણી અને તપાસ કરવાની ફરજ રહેલી છે.

૭. આ સમાજની કાર્યવાહક કમીટી, તેનો પ્રમુખ વગેરે દરેક કાર્યકર્તાએ પોતાનાં કાર્યક્ષેત્રમાં દર પળે, દર કાર્યે, સમાજની બહુમત મરજીનું અનુમોદન લક્ષમાં લઈ, પોતાના ખાસ ધર્મ (ફરજ) અને વફાદારીનું વિશ્વાસપૂર્વક પાલન કરવાનું રહેશે.

૮. આ સમાજના આદર્શ કાર્યક્રમ માટે કમીટી (સમાજના) પ્રમુખને એકી સાથે એકી વખતે રૂ. ૩૦૦) માણસો તેમજ સેક્રેટરીને એકી સાથે એકી વખતે રૂ. ૧૫૦) દોઢસો અને પ્રત્યેક સભ્યને એકી સાથે એકી વખતે રૂ. ૫) પાંચ સુધીનું ખર્ચ સમાજ કાર્યમાં કરવાની છુટ આપેલી છે. જે સમાજના ચોપડે લખાવી ખજાનચી પાસેથી વસુલ લઈ શકશે. તે ઉપરાંતના ખર્ચ માટે ખાસ સભા બોલાવી, ઠરાવ દ્વારા નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવે છે. (આવી સભામાં ઓછામાં ઓછા ત્રીસ કે જેમાં પંદર કાર્યવાહકો અને પંદર ગ્રામ્ય આગેવાનો સભાજનોની હાજરી હોવી જોઈએ.)

૯. સમાજમાં ફંડ અગર ફાળા ખાતેથી આવક તેમજ ખર્ચ વગેરેનો હિસાબ પ્રતિમાસે તૈયાર રાખવાની જવાબદારી ખજાનચીની રહેશે જેને પ્રમુખ, સેક્રેટરી વગેરે તપાસી શકશે.

૧૦. આ ઉપર મુજબનું બંધારણ અમો "શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત" ના ગામવાર આગેવાનોએ હાજર થઈ ઘડી નક્કી કરેલ છે તેના અમલ કરવા કરાવવા અમો સૌ કબુલ રાખીએ છીએ.

આગેવાનોની સહીઓ,
"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત." મુ. ધનસુરા.

વર્તમાન કાર્યવાહક કમીટી

૧. હીરજીભાઈ કરશનભાઈ વિષ્ણુપુરાવાળા–પ્રમુખ.
૨. દેવશીભાઇ રામજીભાઈ–મોહનપુરવાળા–સેક્રેટરી.
૩. શીવજીભાઇ સોમજીભાઈ એદલપુરાવાળા–ખજાનચી.
૪. વાલજીભાઇ કાનજીભાઇ શયણનો માળ–જોઈન્ટ સેક્રેટરી.
૫. જેઠાભાઈ હરિભાઇ રાંમસીકંપાવાળા– સભ્ય.
૬. શીવગણભાઇ વાલજીભાઇ માંત્રકંપા ,,
૭. લાલજીભાઈ રામજીભાઈ હીરાપુરકંપા ,,
૮. નાનજીભાઈ દેવજીભાઈ રામપુરાકંપા ,,
૯. મુળજીભાઇ જીવરાજભાઈ ઉરેલકંપા ,,
૧૦. નારણભાઇ શીવગણભાઇ બોયડીટીંબા ,,
૧૧. મણીભાઇ જેઠાભાઇ મોતીસરાકંપા ,,
૧૨. દેવજીભાઈ નથુભાઇ ખરેડકંપા ,,
૧૩. વેલજીભાઈ ભાણજીભાઇ બદામકંપા ,,
૧૪. રામજીભાઇ ગોપાળભાઈ મગનપુરા ,,
૧૫. રતનશીભાઇ વિશ્રામભાઇ મઉડીટીંબા ,,

॥ શ્રી ॥

"શ્રી કડવા પાટીદાર સમાજ સનાતન ગુજરાત"

હીરાપુરા-સભા સં. ૨૦૧૦ના ફાગણ વદી ૧૦ તા. ૨૯-૩-૧૯૫૪.

સમાજમાં પ્રચલિત જ્ઞાતિ બંધારણના નક્કી થયેલા ઠરાવો.

૧. ઠરાવ જન્મ સમ્બંધનો

બાળકના જન્મથી ચાળીસ દિવસ પુરા થયે મંદિરમાં દર્શન કરાવવા તેને લઈ જવું અને પુત્ર હોયતો ૦૫ રૂ. પ્રભુને ભેટ ધરી ચરણામૃત પાવું-પીવું અને ગામ-ચોપડે તેનો જન્મ નોંધ લખાવવો, (નામ માતા પિતા ગોત્ર રહેઠાણ વગેરે) [illegible]

૨. ઠરાવ સગપણ સમ્બંધનો.

પુત્રીની ઉંમર દશ વરસની તેમજ પુત્રોની ઉંમર ૭ વરસની થયા બાદ તેનું સગપણ મુકરર થઈ શકે. સગપણ વખતે પુત્રના વાલીઓ તરફથી કન્યા માટે દાગીના સાદા ઘાટે આપવા. સગપણ કરતી વખતે વર પક્ષ વાળાને કન્યા પક્ષવાળા ચાંલ્લામાં શ્રીફળ નંગ ૧ા તથા રોકડા રૂ. ૧ા આપીને નક્કી કરે.

સગપણ કરી દુધ પીવાણાંના રિવાજમાં સારી ઓઢણી ૧ા તથા ગોળ શેર ૧ા અને રૂ. ૪ા સવાચાર રોકડા લઈને વર પક્ષવાળા જાય એ સામા પક્ષવાળા પાસે જાય અને તેને ટંક ચાર કન્યા પક્ષવાળા જમાડે.

સગપણ નક્કી થયા પછી પહેલી દિવાળીએ તેમજ જન્માષ્ટમીએ રૂ. ૦ા અને ત્યાર પછીની દરેક દિવાળી તેમજ જન્માષ્ટમીએ રૂ. ૦ા મુજબ પહેલી હુતાસણીએ રૂ. ૦ાા અને ત્યાર પછીની દરેક હુતાસણીએ રૂ. ૦ા લેખે વર પક્ષવાળા કન્યા પક્ષને આપ્યા કરે. આ પ્રકારનું તહેવારીક બંધારણ કન્યા જ્યાં સુધી આણેલું ન વળે ત્યાં સુધી ચાલુ રહે.

આ રિવાજમાં કન્યા પક્ષવાળાએ કંઈ પણ વળતર કરવું નહી. સગપણ પ્રસંગે કન્યા માટે કાયમ માટે દાગીના સાદા ઘાટે પગના છડા, નાકની સળી અને ગળાનો દોરો એમ ત્રણ દાગીના વર પક્ષવાળા આપે (સુધરાવે અગર નવા ઘડાવે)

૩. ઠરાવ લગ્ન સમ્બંધનો.

વર અને કન્યા કે જેનું સગપણ થયેલું હોય તે જ્યારે પુખ્ત ઉંમરનાં થાય ત્યારે તેનાં લગ્ન કરવાં. લગ્ન લખતી વખતે કન્યા પક્ષે લગ્ન પડામાં રૂા. ૧ા સવા રોકડો મુકવો અને વરપક્ષવાળાએ રૂા. ૧ા સવા આપીને લગ્ન વધાવવું જાનમાં (વર અને અણવર સિવાય) માણસોની સંખ્યા વીસ અને ગાડાં બે જઈ શકે છે. તે ઉપરાંત માણસોની સંખ્યા વધારે હોય તો પ્રતિ માણસ ટંકે રૂા. ૧) એક હિસાબે વરપક્ષવાળા કન્યાપક્ષ ને વરતી આપે અને વધારે ગાડા પોતાને ખર્ચે લઈ જવા. બંધારણમાં ટંક ત્રણ નક્કી રાખવામાં આવે છે.

લગ્ન વિધી વિદ્વાન બ્રાહ્મણ મારફતે કરાવવી અને જેની દક્ષિણા બંને પક્ષવાળા અડધો અડધ આપે ચોરી માટે માટીનાં વાસણો અડધે ભાગે વેહેંચી લે.

લગ્નમાં વાયણાંના રૂા. ૧૨ાા સાડા બાર અને પરસુરણ ગામાઓ મળીને રૂા. ૩ાા સાડાત્રણ વરપક્ષ વાળા કન્યા પક્ષવાળાને મુકાવે જેમાંથી રૂા. ૧ા સવા તે ગામના ધર્માદા ફંડમાં નાખવો.

પરણતી વખતના પડલામાં વરપક્ષવાળા કન્યા માટે પડલાંના રૂા. ૨૫) કન્યાપક્ષને આપે પડલાંને છાબમાં પતાસાં શેર ૨ાા અઢી વર પક્ષવાળા મુકે અને તેના બદલામાં કન્યા પક્ષવાળા કાંસાની થાળી ૧) તથા વાટકો ૧) સામાને આપે. (જાનસરમાં વરને પોંખણાં રૂા. ૧) પરણાવનારને.)

કન્યા પરણીને આશીર્વાદ મેળવવા જાનીવાસે જાય ત્યારે વરના વાલીઓ એ નમસ્કાર કરતી વખતે કન્યાને રૂા. ૧) એક આપવો.

૪ ઠરાવ આણેરાં સંબંધનો.

લગ્ન થયેલ કન્યાને પુખ્ત ઉંમરે આણેલાં બે વોળાવવાનો રિવાજ કાયમ રાખવામાં આવે છે જેમાં આણેનુ પહેલું કરતાં અગાઉથી કન્યા માટે વરપક્ષે પડલાંમાં સારી ઓઢણી તથા કબજું આપવું દાગીના આપવા નહિ. આણેલાં પહેલામાં કન્યાને તેડવા આવનાર વરપક્ષના માણસો દસથી વધારે ન હોવાં જોઈએ તે પ્રસંગે વરપક્ષ તરફથી કન્યા પક્ષવાળાને હેલવાડના રૂા. ૪ાા સાડાચાર રોકડા આપવા. કન્યાને સાસરે લઈ ગયા પછી સાસરે

મારા એક રાખી કન્યા પક્ષવાળા તેને પોતાને ઘેર તેડી લાવે અને તે પછી બીજે વરસે વળી પાછું આણેલું બીજું થાય તેમાં વરપક્ષવાળા તરફથી માણસો ત્રણ કન્યાને તેડવા જાય તે વખતે કન્યા સાસરે બે માસ સાસરવાસે રહે અને તે પછી પાછી કન્યા પક્ષવાળા તેને પોતાને ઘેર તેડી લાવે. બીજું આણેલું વોળાવ્યાની તેજ સાલે કન્યા જન્માષ્ટમી સુધી પિયરમાં રહે અને જન્માષ્ટમીને વિત્યા બાદ તરતજ વરપક્ષવાળા તરફથી ફક્ત માણસો બે કન્યાને સાસરે તેડી લાવે.

૫. જિયારૂ આપવા સબંધનો ઠરાવ.

પોતાની બ્હેન દિકરીને જિયારૂં આપવા પોતાને ઘેર બોલાવી યથાશક્તિ પહેરામણી કરવી અને તે સંબંધમાં પોતાના અંગત સગાઓને પણ પોતાને ઘેર બોલાવવાં. બાળકના પિતાના મોસાળ પક્ષને સાડલા પહેરાવવાનો રિવાજ બંધ રાખવામાં આવે છે.

૬. ઠરાવ પુર્નલગ્ન સંબંધનો

પુર્નલગ્નનો રિવાજ છે તે કાયમ રાખવામાં આવે છે એટલે કે આકસ્મિક કારણોના લીધે સગપણ અગર લગ્ન સંબંધથી છુટાં પડી ગએલ સ્ત્રી યા પુરૂષને જ્ઞાતિ ધોરણ મુજબ પુર્નલગ્ન કરવા કરાવવાનો રિવાજ માન્ય ગણવામાં આવે છે.

આવાં લગ્નોમાં નક્કી કરતી વખતે રૂા. ૨) બે વરપક્ષવાળા કન્યાપક્ષને આપી કન્યા કે જેનું સગપણ થતું હોય, તેના હાથની લેખીત મંજુરી મેળવીને સગપણ નક્કી કરે. ત્યાર પછી મુકરર વખતે વરપક્ષવાળા તરફથી (વર અને અણુવર) સિવાય દસ માણસો સાંજના ટાઈમે કન્યા પક્ષવાળાને ત્યાં જાય અને કન્યાપક્ષવાળા તેઓને તેમજ પોતાના કુટુંબના આગેવાન માણસો દસને એક ટંક જમાડે જેનું માપસરનું ખર્ચ રૂા. ૨૫) પચીસ વરપક્ષવાળા ભરે તે સિવાયનું વધુ પડતું જમણ ખર્ચ કન્યાપક્ષવાળા પોતાની જવાબદારીથી કરે. લગ્ન વિધી બ્રાહ્મણ દ્વારા કરાવવી જેની દક્ષિણા વરપક્ષવાળા આપે.

આ લગ્નમાં કન્યા માટે દાગીનામાં પાંચ તોલા સોનાના દાગીના, પગના છડા, (ચાંદીના) અને કન્યાનો પોષાક વરપક્ષવાળા આપે આ ઉપરાંત સગપણ અગર લગ્ન (પુર્નલગ્ન) પ્રસંગોમાં કોઈપણ વ્યક્તિ અગર પક્ષને કોઈપણ

પ્રકારનાં કન્યાવિક્રય કે એવા બીજા આડકતરા સ્વાર્થ પોષિત વર્તન કરવાની સદંતર બંધી કરવામાં આવે છે તેથી તેમ કરનાર કરાવનાર સમાજના ગુનેગાર ગણાશે (આવા પ્રસંગોમાં ખાસ કારણવશાત ન છુટકે વરપક્ષવાળા પાસેથી કદી ડિપોઝિટ રખાવવા જેવા સંયોગો ઉભા થાય તો તેવી ડિપોઝિટ રકમ સ્થાનીક અગર આસપાસના બે કાર્યવાહક કમીટીના સભ્યો પાસે વરપક્ષની અનામત તરીકે રાખી શકાય અને તેવી ડિપોઝિટ રકમ જેમ બને તેમ વહેલી તકે વર અને કન્યા બંનેની લેખીત માગણીથી પરત આપવામાં આવે.

૭. ઠરાવ અંતિમ સંસ્કાર સંબંધનો.

મરનાર વ્યક્તિ દહન ક્રિયા કરી તેની પાછળ ધાર્મીક ક્રિયાઓ શાસ્ત્રોક્ત વિધી મુજબની યથાશક્તિ કરાવવી. ચાળીસ વરસથી ઉપરની વયના મરનારની પાછળ સંયોગોવસાત ન છુટકે કદી પરોજણ કરવું પડે તો જેમ બને તેમ ટુંકાણથી કરવું. તેથી નાની વયના માટે બીલકુલ કરવું નહિ (પરોજણ) મરનાર કોઈપણની પાછળ દાન ફંડ સદાવ્રતપારાયણ વગેરે સાર્વજનિક કે ધાર્મિક દાન પુન્ય થઇ શકે છે.

૮. ઠરાવ છુટાછેડા સંબંધનો.

કાયમ થયેલાં એટલે જ્ઞાતિ ધોરણે નક્કી થયેલાં સંબંધ (સગપણ યા લગ્ન) પછી ખાસ કારણવશાત એટલે કે સ્ત્રી કે પુરૂષ એમ બંનેમાંથી કોઈપણની લેખીત અરજી થયેલી હોય અને તેમાં છુટાછેડા માટેની માંગણી કરવામાં આવી હોય ત્યારે બંનેમાંથી કોઈપણ એક વ્યક્તિ અપંગ, અશક્ત દિર્ઘરોગી સંતાન હિનત્વવાળું તેમજ ગ્રહસ્થ ધર્મની જવાબદારીઓમાં ખાસ ખામીવાળું જણાય તેવા કારણોમાં છુટાછેડા થઇને યોગ્ય ગણાશે. આવા પ્રસંગોમાં કાર્યવાહક કમીટીના ઓછામાં ઓછા પાંચ સભ્યોની હાજરી અને મંજુરી ખાસ આવશ્યક ગણવામાં આવે છે. આ પ્રસંગોમાં કોઇપણ વ્યક્તિ અગર પક્ષ કે લાગતાવળગતાને છુટા પડનાર વ્યકિતઓમાંથી કોઈપણના નામે લાંચ-રૂશ્વત કે બીજી કોઇ રીતે આડકતરી વસ્તુ લેવાનો અધીકાર નથી. ઠરાવનો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે.

છુટા થનાર વ્યકિતઓ (સ્ત્રી યા પુરૂષ) બંનેમાંથી કોઈપણને નિરાધાર સ્થિતિમાં મુકાતું હોય તેવાંને માટે ભરણ પોષણનો પ્રબંધ હાજર રહેલા

સભ્યો તેમજ આગેવાનો કરાવી શકે છે, જરૂર જણાતાં આવા છુટાછેડાની છેવટની અરજી કાર્યવાહક કમીટી સમાજની ત્રીમાસીક સભામાં ગોરીએ થઈ શકશે.

૯. ઠરાવ ગ્રામ્ય બંધારણ સંબંધનો.

સમાજના અંગરૂપ ખેતી કરનાર દરેક વ્યક્તિએ પોતે જે ગામમાં રહેતો હોય તે ગામના ધર્માદા ફાળા (ફંડ) માં પોતાની ઉપજ જેવી કે અનાજ, કપાસ, તેલીબીયાં વીગેરેમાંથી દર વર્ષે દર મણુ એક શેર એક મુજબ ગણી તેના સારાંશરૂપે ભાવગણી ગામ ધર્માદા ખાતે આપવું અને મજુર વર્ગમાં રહી ગુજરાન ચલાવનાર દર કુટુંબે દર વરસે પાંચ રૂપીઆ પ્રમાણે ગામ ધર્માદા આપવું. આગેવાન ગ્રામ્ય સભ્યોએ તેનો ગામ વહીવટ ચોકસાઈથી ચલાવવો. દર મહીને ગામની માસીક સભા ગામચોરે યા (મંદિરમાં) ભરવી અને તે મારફતે સમાજની શિસ્તસદાચાર કેળવણી ધર્મ અને રાષ્ટ્ર ઘડતર વીગેરેમાં શ્રી કડવા પાટીદાર સનાતન સમાજના ઉદ્દેશોનું પાલન કરવું અને કરાવવું. ગામ આગેવાનોએ વારંવાર સમાજનો કાર્યવાહક કમીટીના કાર્યક્રમને પરિચય લઈ પોતાના ગામમાં તેનો હેવાલ રજુ કરવો.

૧૦. ઠરાવ સમાજના જનરલ ફંડ સંબંધનો.

"શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત"ના અંગ રૂપે રહેનાર દરેક ગામ કે વ્યક્તિએ પોતપોતાના ગામના ધર્માદા ફંડ ખાતેથી દર હળ લાકડે (એક સાંતિડે) પાંચ રૂપીઆ મુજબની દર વરસે જેટલી રકમ થાય તે રકમ ગામ આગેવાનો મારફતે સમાજની ધનસુરા ઓફીસે દર વરસના મહા સુદી ૨ થી માંડીને મહા વદી ०)) સુધીમાં જમા કરાવીને પહોંચ લઈ જવી. આ મુજબનો સામાજિક ફંડનો ઠરાવ કાયમ માટે થયેલ છે.

૧૨. ઠરાવ તહેવારોમાં ઉત્સવ સંબંધનો.

જન્માષ્ટમીના તહેવારોમાં ફક્ત રાંધણછઠ, શિતળા સાતમ, અને જન્માષ્ટમી એમ દિવસ ત્રણ માટે રોજ બાર વાગ્યા પછી સાંજ સુધીમાં ગામ ચોરે બહેનો અને ભાઈઓ રાશ, ગરબા, ગીત, ભજન, વીગેરે ગાઈ શકે તે સિવાય લાંબા જાગરણો અગર વધારે ઢોલ, ડાંડિયા ન કરે. નવરાત્રીના પ્રસંગોમાં માતાજીની ગરબી આગળ ગામ ચોકમાં ગરબા, છંદ, રાશ, ભજન,

કીરતન વીગેરે ગાઈ શકાય પરંતુ સમાજ અને ધર્મની મર્યાદાનો ભંગ કરે તેવી ભવાઈ વીગેરે કરવાનો પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧૨. ઠરાવ અશક્ત જાનવરો માટેનો.

ખેડુત જીવનમાં ખેતી ઉપયોગી રાખેલાં ચોપગાં પશુઓ જેવાંકે બળદ, ગાય, ભેંસ, વાછરડાં, પાડા, વગેરે વૃધ્ધ અને અશક્ત થયેલાં હોય તેવી હાલતમાં પૈસાના લોભથી તેને વધ સ્થાને લઈ જાય તેવી વ્યક્તિને વેચવાં આગર આપવાં નહી.

૧૩. ઠરાવ શિક્ષણ સબંધનો.

સમાજના દરેક ગામમાં પ્રાથમિક શાળાનો બંદોબસ્ત કરી ભાવિ બાળકોને પાંચ વરસથી ઉપરની ઉંમર થાય ત્યારે ફરજીયાત શિક્ષણ આપવાની દરેક માતા અને પિતા અને ગામ આગેવાનોને ફરજ પાડવામાં આવે છે.

૧૪. સમાજની બહુમત લાગણીથી મંજુર કરવામાં આવેલા આ ચૌદ ઠરાવોનું સંગોપાંગ પાલન કરાવવા અને કરવાની પ્રત્યેક ભાઈ બહેનની પુરતી ફરજ છે. ઉલ્લંઘન કરનાર સમાજનો, ગામનો અને વર્તમાન બંધારણનો જવાબદાર રહેશે.

લી૦ સેવકો,
કાર્યવાહક કમિટી તેમજ આગેવાન ગ્રામ્ય સભ્યો.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત)
શ્રી ધનસુરા ધર્મશાળા ઠે. તલોદ રોડ ના આવક જાવકના હિસાબોનું સરવૈયું.

સંવત ૨૦૦૧ના જેઠ સુદી ૬ થી સં. ૨૦૧૦ ના ચઈતર સુદી ૪ સુધીનું

જ		ઉ	
૯૫૩૬।	શ્રી ઉમેદવારી ફારા ખાતે જમા	૧૭૧૯૮।। ૦।।।	શ્રી જમીન ખરીદવા તથા બાંધકામ ખર્ચ ખાતે ઉધાર
૬૫૮૨।	શ્રી લવાજમ ફંડ ખાતે જમા	૧૨૮૭।। ૦।।	શ્રી ફરનુચર ખર્ચ ખાતે ઉધાર
૨૫૧૯)	પા. પચાણભાઈ વાલાભાઈ ગામ શ્રી બોરડીટીંબાવાળા ના ખાતે જમા	૨૦૨૧)	શ્રી પગાર ખાતે ઉધાર
૧૪૯૯)	પા. વાલજીભાઈ ભાણજીભાઈ ગામ શ્રી માધવકંપા વાળાના ખાતે જમા	૮૦૦)	શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત ખાતે ઉધાર
૪૫૦૬)	શ્રી ભાડા ખાતે જમા	૨૧૩૦૭)ન	
૨૪૯।।।=	શ્રી ધરમાદા પેટી ખાતે જમા	૨૫૮૪। ૦।।।	શ્રી પુરાંત બાકી
૨૩૮૯૧।=		૨૩૮૯૧।=	



શ્રી ધનસુરા ધર્મશાળા (તલોદ રોડ) માટે રૂા. ૨૪૧૪૦ જેટલી
[illegible]ઝવંત રકમની ઉદાર સખાવત આપનાર દાનવીર
[illegible] પટેલ વાલજીભાઈ ભાણજીભાઇ મુ. માધવ કંપા.

॥ શ્રી ॥

શ્રી ધનસુરા ધર્મશાળા તલોદરોડનું મુળ વૃતાંત.
—(૦)—

તા. ૧૩–૬–૫૪
જેઠ સુદી ૧૨ સં. ૨૦૧૦
મુ. ધનસુરા. ધર્મશાળા.

અમો પટેલ પચાણભાઇ લધાભાઇ રહેવાસો બંદામ કંપા તથા પટેલ વાલજીભાઈ ભાણજીભાઈના સુપુત્રો પા. શીવગણભાઈ વાલજી તેમજ કરશનભાઈ વાલજીભાઈ રહેવાસી માધવકંપાવાળા આથી લખી આપી કબુલીએ છીએ કે અમો એ "શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત)" મુ. ધનસુરાનો સંસ્થા માટે તલોદરોડ ઉપર મુકામ ધનસુરામાં ધર્મશાળા માટે જમીનના પ્લોટ દશ, પા. લલ્લુભાઈ સીતાભાઈ વગેરે ભાગીદારો પાસેથી બે નામે એટલે પા. પચાણભાઇ લધાભાઈ અને પા. વાલજીભાઈ ભાણજીભાઈના નામ પર વેચાણ રૂા. ૭૦૦૨ રોકડામાં રાખેલી છે જેનો અસલ દસ્તાવેજ પા. પચાણભાઈ લધાભાઈ પાસે છે. આ સદરહુ જમીન ઉપર પટેલ વાલજીભાઈ ભાણજીભાઈ તરફથી પાકા ઓરડા ૭ ને મુખ્ય દરવાજાથી ઉગમણી દિશા તરફ પૂર્વ પશ્ચિમ બંધાયેલા છે. જેમાં આશરે રૂા. ૨૪૧૪૦ તેમણે પોતાની પદરના ખર્ચી તે બધા ઓરડાઓ "શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત મુ ધનસુરા." ને દાનમાં આપેલ છે. અને મુખ્ય દરવાજાની પશ્ચિમ બાજુએ પાકો ઓરડો ૧] માંગરોળી નાળીવાળો પટેલ પચાણભાઈ લધાભાઇએ પોતાના ખર્ચે રૂા. ૨૧૨૫ ખર્ચીને બંધાવી તૈયાર કરી તેમજ તેની જોડેજ બીજો એક એવોજ ઓરડો રૂા. ૩૧૨૫ સ્વ. પટેલ રવજીભાઈ નારણભાઇના સ્મણાર્થે તેમના ધર્મપત્નિ માતાજી માનબાઈએ ખર્ચીને પા. પચાણભાઈ લધાભાઈ હસ્તક બંધાવી તૈયાર કરીને એમ બન્ને ઓરડાઓ "શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત મુ ધનસુરા" ને વડિલ શ્રી પચાણભાઈ લધાભાઇ હસ્તક દાનમાં આપવામાં આવેલ છે. તે સિવાય ચોતરફની કમ્પાઉન્ડવોલ તેમજ પાકા કુવા વગેરેનું કામકાજ સમાજમાંથી લવાજમ તેમજ ઉમેદવારી ફાળાથી આસરે રૂા. ૧૭૨૯૮॥ જુદા જુદા કમ્પાઓ અને દાનવીરો પાસેથી એકઠા કરી આ ધર્મશાળાનું અત્યાર સુધીનું કામ યથા મોજુદ કરવામાં આવેલું છે એટલે આ ધર્મશાળાના કમ્પાઉન્ડમાં આવેલી તમામ જમીન તથા મકાન, કુવો વગેરેની સ્થાવર જંગમ મિલ્કત "શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) મુ. ધનસુરા." ની છે. તેથી સમાજ આ સદરહુ ધર્મશાળાનો જ્યારે વ્યવસ્થાપક કમીટી

નીમીને પાકો દસ્તાવેજ કરાવે ત્યારે અમો સદરી જમીનના ખાતેદારો તેમ કરાવી આપીશું અને હવેથી સમાજ તેની જે વ્યવસ્થા અગર સુધારા વધારા કરે તેમાં અમારો કોઈ વાંધો નથી. અસ્તુઃ આ ઉપરનો આશય દર્શાવતો આ એગ્રિમેન્ટ અમોએ રાજી ખુશીથી લખી આપેલો છે જે અમોને તથા અમારા વાલી વારસોને કબુલ અને બંધનકર્તા છે,

લી. પ્રમુખ, કાર્યકર્તાઓ,

પટેલ હીરજીભાઈ દરશનભાઇની
સહી દઃ પોતે

પટેલ દેવશીભાઇ રામજીભાઇની
સહી દઃ પોતે

પટેલ શીવજીભાઈ સોમજીભાઈ
ની સહી દઃ પોતે

પટેલ પચાણભાઇ લખાભાઇની
સહી દઃ પોતે

પટેલ રવજીભાઈ નારણભાઈની
વતીથી
પા. પચાણભાઇ લખાભાઈની
સહી દઃ પોતે

પટેલ વાલજીભાઇ ભાણજીભાઈ
ની વતીથી
પા. શીવગણભાઈ વાલજીભાઇ
ની સહી દઃ પોતે

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) મુ. ધનસુરા.

શ્રી લવાજમ જમા નોંધ

૫૦૦) ખોરડી ટીંબા લવાજમ હ. ભીમજીભાઈ સીવગણ પા. ૧
૩૦) શાન્તીપુરા હજી ૬ સં ૨૦૦૦
૩૦) ,, ,, ,, સં ૨૦૦૧ હ. નારાયણભાઈ રતનસીભાઈ પા ૧
૨૫) શ્રી સરદારપુરા સં. ૨૦૦૦
૨૫) શ્રી ,, ,, ૨૦૦૧ હ. દાનાભાઈ માધવજીભાઈ પા. ૧
૯૦) શ્રી રણજીતપુરા સં. ૨૦૦૦
૯૫) શ્રી ,, ,, ૨૦૦૧ હ. દેવજીભાઇ નથુભાઈ પા. ૧
૧૧૫) શ્રી રાંમસીહ કંપો સં. ૨૦૦૦
૧૧૫) શ્રી ,, ,, સં. ૨૦૦૧ હ. મોહનજીભાઇ ભીમજીભાઈ પા. ૧
૧૦૦) શ્રી માધવ કંપો સં. ૨૦૦૦
૧૦૦) શ્રી ,, ,, સં. ૨૦૦૧ હ. વાલજીભાઇ ભાણજીભાઈ પા. ૧

૩૦) શ્રી રાજપુરા કંપા સં. ૨૦૦૦
૩૦) શ્રી ,, ,, સં. ૨૦૦૧ હ. દેવજીભાઈ મનજી પા. ૧
૧૮૫) ,, રણજીતપુરા સં. ૨૦૦૨થી ૨૦૦૩ હ. કાનજીભાઈ માધવજી
૨૦૦) ,, રામસી કંપો સં. ૨૦૦૨થી ૨૦૦૩ હા. પ્રેમજીભાઈ ભીમજી
૫૦) ,, સરદારપુરા સં. ૨૦૦૨થી ૨૦૦૩ હ. રતનજીભાઈ રાજાભાઈ

૩૦૬) શ્રી સરડી કંપા સં. ૨૦૦૦ થી ૨૦૦૪ સુધી
૨૬) રતનસીભાઈ માનણભાઈ
૨૦) દેવજીભાઈ નારાણભાઈ
૨૬) મુલજીભાઈ જેઠાભાઈ
૨૦) માવજીભાઈ નારાણભાઈ
૨૦) વીસરામભાઈ નારાણભાઈ
૪૦) પચાણભાઈ લધાભાઈ
૨૦) માવજીભાઈ હરજીભાઈ
૨૦) ભીમજીભાઈ હરજીભાઈ
૨૦) રામજીભાઈ માવજીભાઈ
૨૬) વાલજીભાઈ માવજીભાઈ
૩૦) નેણજીભાઈ જીવરાજભાઈ
૩૦) ખેતસીભાઈ લખમસીભાઈ
૨૦) દેવસીભાઈ પ્રેમજીભાઈ સાબેડી

૨૮૫) શ્રી એદલપુરા સં. ૨૦૦૦થી સં. ૨૦૦૪ સુધી
૨૦) રતનાભાઈ મુલજીભાઈ
૨૦) મુલજીભાઈ મેઘજીભાઈ
૨૦) ભીમજીભાઈ પુંજાભાઈ
૪૦) વિસરામભાઈ ભાણજીભાઈ
૨૦) લધાભાઈ મેઘજીભાઈ
૨૦) પુંજાભાઈ અરજણભાઈ
૨૦) સોવજીભાઈ વીરજીભાઈ
૨૦) નારાણભાઈ પુંજાભાઈ
૪૦) વીરજીભાઈ કરશનભાઈ
૨૦) નાગજીભાઈ પુંજાભાઈ
૨૬) સોમજીભાઈ વીરજીભાઈ

૨૦) સોવજીભાઈ ધનજીભાઈ
૨૦) મનજીભાઈ રાંમજીભાઈ
૨૦) મેઘજીભાઈ અમરજીભાઈ
૧૫) મેઘજીભાઈ પુન્જાભાઇ
૧૦) નાંનજીભાઈ રઘુમલભાઈ
૪૦) જેઠાભાઇ દેવજીભાઇ

૧૫૦) શ્રી આશુગ્રોર કંપા સં. ૨૦૦૦થી હ. હંસરાજભાઇ નારાણભાઈ
૨૦૦) ,, ઓરડીઓના લવાજમ ખાતે સં. ૨૦૦૪ હ. રાજાભાઇ ડાહ્યાભાઈ
૪૦૦) ,, સં. ૨૦૦૫ના અસાડ સુદી ૧ હ, દેવજીભાઇ મનજીભાઇ
લવાજમની ઉગરાણીના હીરાપુર, નવટાંકી, બાડેરા વિ. કંમ્પાઓ
૨૦૦) શ્રી રઘુનાતપુરા સં. ૨૦૦૪થી ૨૦૦૫ સુધી
હ. દેવજીભાઇ નથુભાઈ
૬૦) હરીપુરાના લવાજમ હ. નથુભાઇ હરજીભાઈ તા. ૧૩-૩-૪૯

૭૦) શ્રી શરડી કંપા સં. ૨૦૦૫
૫) રતનસીભાઈ માનણભાઇ
૫) દેવજીભાઈ નારણભાઈ
૫) મુલજીભાઈ જેઠાભાઈ
૫) માવજીભાઈ નારાણભાઈ
૫) વીસરામભાઇ નારાણભાઈ
૫) પ્રેમજીભાઈ ભીમજીભાઇ
૭।। નારાણભાઈ જીવરાજભાઈ
૫) પરબતભાઈ માવજીભાઇ
૫) વાલજીભાઇ માવજીભાઇ
૭।। ખેતસીભાઈ લખમસીભાઇ
૫) ખીમજીભાઈ હરજીભાઇ
૫) રતનાભાઈ કાંનજીભાઈ
૫) માવજીભાઈ રતનાભાઈ

૨૭૦) શ્રી વજેપુરા સં. ૨૦૦૫
૪૦) ખેતીભાઈ રાંમજીભાઈ
૧૫) સીવજીભાઈ લાલજીભાઈ

૫૦] અરજણભાઈ વીરજીભાઈ
૨૦] નાનજીભાઈ જીવરાજભાઈ
૨૫] ખેતાભાઇ લધાભાઈ
૧૨૦] માવજીભાઈ કેસરાભાઈ

૧૭૦] શ્રી અણીઅર ક઼ંપા ખાતે લવાજમના જમા તા. ૧૨-૩-૪૯
૧૭૦] રોકડા દ. વસરામભાઈ નારણભાઈ

૧૦૦] શ્રી બોરડી ટીંબા લવાજમ સં. ૨૦૦૫ દ. રાજાભાઈ કાયાભાઈ
૧૦] શ્રી મનજીભાઈ મેઘજી ગોપાલપુરા સં. ૨૦૦૬ ના માગશર સુ. ૨
૫૦] કરસનભાઈ દેવસી ખાંણી કંપા સં. ૨૦૦૬
૨૬] પુંજાભાઇ દેવસી ખાંણી કંપા સં. ૨૦૦૬
૧૫૦] શ્રી બોરડીટીંબા સં. ૨૦૦૬ લવાજમના હા. પ્રેમજીભાઈ રાજાભાઈ
૧૦] પચાણભાઈ અખઇ ગોપાલપુર
૧૧૫] અણીયોર કંપા સં. ૨૦૦૫ દ. હંસરાજભાઈ નારણભાઈ
૧૪૦] અણીયોર કંપા સં. ૨૦૦૬ દ. હંસરાજભાઈ નારણભાઈ
૭૫] શ્રી સરદારપુરા સં. ૨૦૦૬ સુધી લવાજમ દ. દાનાભાઈ માધવજી
૯૦] શ્રી શાંન્તીપુરા સં. ૨૦૦૬ દ. દેવજીભાઇ નારણભાઈ
૧૦૦] શ્રી રાજપુરા મઉડી ટીંબા તથા હીરાખાડી સં. ૨૦૦૬
૭૦] શ્રી માધવકંપા સં. ૨૦૦૬ દ. સવમણભાઈ વાલજીભાઈ
૨૦૦] શ્રી દેરોલ કંપા સં. ૨૦૦૦ થી સં. ૨૦૦૬ સુધીના ઉચક રકમ
આપી છે. લવાજના દ. મુલજીભાઇ જીવરાજ

૧૨૫] શ્રી બોરડીટીંબા સં. ૨૦૦૬ દ. રાજાભાઈ કાયાભાઈ
૯૨૫। રાજપુરાના દેવજીભાઈ મનજી દ. હીરાપુર, નવકાંટો, આંડીવાવ,
ખાંડેરા, મગનપુરા, વગેરે કંપાઓમાંથી આવેલ લવાજમના
દ. દેવજીભાઈ સં. ૨૦૦૬
૫૫] શ્રી વજપુરાના સં. ૨૦૦૬ દ. ખેતાભાઈ રામજીભાઈ
૭૦] શ્રી શરડી કંપા સં. ૨૦૦૬ દ. રતનસીભાઈ માનજીભાઇ
૩૫] શ્રી ખાણી કંપા સં. ૨૦૦૦ થી સં. ૨૦૦૬ સુધી ગોપાલભાઈ
પુંજાભાઈ
૧૦૦] શ્રી એદલપુરા સં. ૨૦૦૫ના જમા દ. શીવજીભાઈ સોમજીભાઈ હજી ૨૦
૧૦] શ્રી આંડીવાવ દ. દાનાભાઈ તથા રતનસી હરજી સં. ૨૦૦૬

૬૫૯૧। કુલ સરવાળો લવાજમનો.

ધનસુરા ધર્મશાળાનો ઉમેદવારી ફાળો.

૨૦૦૧)	વાલજી ભાણજી માધવ	૫૧)	શીવજી પચાણ રાંમસી.
૨૦૧)	હંશરાજ નારણ આગ્નીયોર	૧૦।	ખેતા લાલજી ઉમેદપુરા.
૧૨૫)	નારણ રતનસી શાન્તીપુરા.	૨૫।	કચરા કરશન રાંમસો.
૧૦૦૧)	પચાણ લધા બદામ.	૫૧)	દાના કેસરા રાંમસી
૫૦૧)	ધનજી રાજા સરદારપુરા.	૫૧)	સોમજી હીરજી એદલપુરા.
૨૨૫)	વેલજી ભાણજી બદામ	૫૧)	હરિભાઈ પચાણ રાંમસો. બાકી
૫૦૧)	પ્રેમજી નથુ ઓયડી ટીમ્બા.	૨૫।	હરિભાઈ પચાણના ધર્મપત્નિ નાથીબાઈ રામસો.
૧૦૧)	હીરજી લધા તળાવટીમ્બા. બાકી		
૧૦૧)	માના દેવજી એદલપુરા.	૧૦।	ભીમજી જેઠા દોલપર.
૫૦૧)	જીવરાજ વીરજી ડેરોલ.	૧૦।	કરશન તથા પુંજા દેવશી બાણી
૧૨૫)	દાના શીવજી રણજીતપુરા.	૫)	વીશરામ રામજી ડુંગરવાડા
૧૨૫)	કરશન વાલજી એદલપુરા. બાકી.	૧૦૧)	દેવજી રામજી શેરપુરા બા. રૂ. ૬૧
૧૫૧)	રાજપુરા કંપા સમસ્ત.	૧૦)	શીવગણ પચાણ એદલપુરા બાકી
૧૦૧)	હરજી દેવરાજ ઓયડી ટીમ્બા.	૧૦૧)	ભાણજી જેઠા હીરાખાડી
૧૦૧)	મનજી સીવજી રાંમસો	૧૦।	દાના પ્રેમજી ખાંડીવાવ
૫૧)	લાલજી કરમસી એદલપુરા. બાકી	૨૫।	હરજી નાથા ,,
૧૦૧)	ખેતા મનજી ઓયડી ટીમ્બા.	૫।	લાખજી અમજી સાબેડી બાકી.
૫૧)	કરશન વીરજી નવાનગર. બાકી.	૫।	રામજી શીવદાસ તળાવ ટીંબા
૧૨૫)	રાનજી માધવજી ઓયડી ટીમ્બા.	૧૦।	માવા શીવદાસ ,,
૨૫)	વાલજી પ્રેમજી અગ્નીયર.	૧૦૧)	ગોવિંદ કરશન તથા રામજી વાલજી હડમતીઆ બાકી
૫૧)	રાજા ડાયા ઓયડી ટીમ્બા.		
૫૧)	માવજી પ્રેમજી બદામ.	૫૧)	લાલજી મનજી શેરપુરા બાકી
૧૦૧)	શીવગણ વીરજી ઓયડી ટીમ્બા.	૫)	મુળજી શીવજી ડેમાઇ
૨૫।	જીવરાજ કરશન શાન્તીપુરા.	૫૧)	રાજા પરબત રામસી બાકી
૧૦૧)	રતનશી માનણ શેયડી.	૩૦)	કાનજી દેવજી રામસો
૧૦।	વશરામ માવજી અમલાય	૨)	નારણ વાલજી રામસી
૧૦।	મુળજી રવજી ,,	૨૫।	અમઈ પરબત રામસી
૧૦।	ખેતા માવજી ,,	૨૫)	પેથા શીવગણ રાંમસી બાકી
૧૦।	ભીમજી પુંજા એદલપુરા.	૨૫।	શીવજી વામજી રામપુરા બાકી
[illegible]	[illegible]	[illegible]	[illegible]

૨૫। રતના વાલજી રામપુરા આકી
૧૫।) મેઘાજી ભીમજી સાંઠંબા
૧૫।) મેઘજી ભીમજીનાં ધર્મપતિ
માતાજી કુંવરબાઈ સાંઠંબા
૧૦। રતનશી વાલજીનાં માતાજી
માનબાઈ રામપુરા આકી
૫। શીવગણુ ગોપાલ સાંઠંબા
૫) પ્રેમજી ભીમજી રામસી
૫।) દેવજી શીવજી રણુજિતપુરા
૧૦।) દેવજી નથુ રણુજિતપુરા
૨૫) નાનજી વિશ્રામ રણુજિતપુરાઆકી
૫।) નાનજી અમજી ,,
૨૫) હરજી ડાયા ,,
૫।) વિશ્રામ લાલજી ,,
૫। મનજી નાનજી ,,
૧૦) લાલજી જેઠા દોલપુર
૧૦। પ્રેમજી દેવજી રણુજિતપુરા
૧૦। ગોપાલ કેસરા ,, આકી
૧૦। ગોપલ પુંજા ચોપડા ,, આકી
૧૦। હંશરાજ દેવજી ,,
૧૨) લાલજી વાલજી ,,
૨) લાલજી વિશ્રામ ,,
૧૦) પરબત નથુ ,,
૧૦। કાનજી માવજીના ,,
ધર્મપતિ બેન વાલબાઈ
૫) કાનજી વિશ્રામ ,, આકી
૫। માવજી વાલજી ,, ,,
૫) દાના નથુ ,, ,,
૫) નાનજી અમજીનાં ધર્મપત્ની સમુ.
૬। કેશરા શીવજીના ધર્મપત્ની ,,
કેસરબાઈ
[illegible]
બેન દાડમબાઈ

૭) નાનજી લખા રણુજિતપુરા
૫) શીવગણુ વિશ્રામ ,,
૫।) રવજી નારણુ બોરડીટીંબા
૫।) દેવશી ડાયા ,,
૫। માવજી લાલજી ,, આકી
૫। કરશન નાથાનાં ધર્મપત્ની બેન
લક્ષ્મીબાઈ બોરડીટીંબા
૫।) શીવગણુ લખા ,,
૫। મેઘજી હીરજી હમતીઆ
૫) દેવજી હીરજી બોરડીટીંબા
૫।) વાલજી ભીમજી ,,
૫।) વાલજી ભીમજીનાં ધર્મપત્ની
હીરબાઈ બોરડીટીંબા
૨૫) રામજી લાલજી[illegible]ના ,,
ધર્મપત્ની બેન દેવરીબાઈ
૧૨૫) પુંજા નારાણુ અણીયર
૫। હરજી માધા કેશલપુર
૧૦।) માધા ભીમજી અણીયર આકી
૫।। રુડા રામજી રતીવેણી આકી
૫।। પ્રેમજી ભીમજી અણીયર
૧૦। વાલજી ભીમજી [illegible] કોટડા આકી
૧૦।) બેચરો લખમશી શેયડી
૨૫। બેચરી લખમશીનાં ધર્મપત્ની
૫।) નારણુ કાનજી ,,
૧૦) શીવગણુ જીવરાજ ,,
૫). માધા કરશન કેશલપુરા આકી
૧૦) મુલજી જેઠા શેયડી
૫) રામજી માવજી ,,
૫। નાનજી શીવદાસ ,,
૧૦) ભીમજી હરજી ,,
૨૫) મેઘજી કરમશી અણીયર
[illegible]
૧૦। રવજી પથા ,,

૧૦૧ માનથુ પેથા અણીયોર
૧૦૧ સોમજી લખુ ,,
૫૧ દેવજી રામજી અમલાય
૧૨૫] નથુ લધા અણીયર
૫૧ રવજી વાલજી કચ્છ કાઠીયા. બાકી
૫] ખીમજી લાલજી કચ્છ કા. બાકી
૨૫૧ કરશન અરજણ નાંથા
 હ. ભાણજી કરશન બાકી
૭] ભાણજી નારણ અણીયર
૫૧ રતના ભાણજી ,,
૫૧ માવજી હરજી ,,
૫૧ કાનજી કચરા હીરાપર
૧૦] હીરજી પુંજા હરીપરા
૫૧ કાનજી હીરજી રામસી
૫૧ પ્રેમજી બીમજી રામસી
૫] કાનજી કચરા ,,
૧૦૧] માધવજી રતનસી સરદારપુરા
૧૦૧] લધા માધવજી બોયડીટીંબા
૨૫] હીરજી મ જી ,,
૨૦૧ રામજીભાઇ લવાભાઇની કું.
 અમદાવાદ
૫] પટેલ વિજ્ય હિન્દુ હોટલ
 અમદાવાદ
૨૦] અંબિકા કચ્છ વિજય સો. મીલ
 અમદાવાદ
૧૦૧ કૃષ્ણ વિજય સો મીલ ગીતા
 મંદિર અમદાવાદ
૧૦] લક્ષ્મી વિજય સો. મીલ
 અમદાવાદ
૫૧ ઉમિયા વિજય સો. મીલ
 આસ્ટોડીયા અમદાવાદ
૫] ઉ[ ]યાદેવી સો. મીલ અમદાવાદ
૫૧ શંકરવિજય સો. મીલ અમદાવાદ

૫] આશાપુર વિજય સો. મીલ
 અમદાવાદ
૨૫૧ માવજી ચોવજીની કું અ[ ]ારવા
 અમદાવાદ
૫૧ શ્રી કૈલાસપતિ શંકર વિજય
 સો. મીલ અમદાવાદ
૫] રામભાઈ સોમભાઇ રામજીલધા
 કું. ના ગુમાસ્તા અમદાવાદ
૫] શ્રી રામ વિજય સો. મીલ નરોડા
 રોડ અમદાવાદ
૫૧ પા. વેલજી લાલજી વિરોણવાળા
૫૧ શ્રી ભારત વિજય સો. મિલ
 અમદાવાદ
૨૫] લાલજી એન્ડ ગંગારામની કું.
 હાવરા કલકત્તા
૨૫] એમ. કે. પટેલ રામાણી કલકત્તા
૨૫] ભાણજી એ. કેશવલાલની કું, ,,
૧૦૧ રામજી નથુ ,,
૧૦૧ દાનાંભાઈ પ્રેમજી કચ્છ સાયરાં
૫૧ ડાયાભાઈ ધનજી કલકત્તા
૫૧ શીવગણ નાથા ,,
૨૫] પ્રેમજી એન્ડ બીમજી કું. ,,
૧૦૧ મનજી વસ્તાની કું ,
૫૧ બીમજી ખેતા. ,,
૫૧ પ્રેમજી પુજા એન્ડ સન્સ ,,
૧૦૧ રતનાણી એન્ડ કું. ,,
૫૧ એમ. બી. પટેલ કું. ,,
૫૧ એલ. બી. પટેલ કું. ,,
૧૦૧ કૃષ્ણા સો. મીલ ,,
૧૦૧ દેવજીભાઇ & વિશ્રામ નીકું. ,,
૧૦૧ સામજી & નારણ ની કું. ,,
૧૦૧ અમજીભાઈ શીવજીભાઇની કું.,,
૧૦૧ અમૃતલાલ એન્ડ કું. ,,

૫૧ અંબિકા સો. મીલ કલકત્તા
૧૦૧ સામજી એ. નાનજી ની કું. ,,
૫૧ વાલજીભાઈ રામજીભાઈ ,,
૧૦૧ પટેલ એન્ડ. કું. ,,
૧૫૧ કે. ડી. ચોપડા એન્ડ કું. ,,
૧૦૧ રામજીભાઈ વીશ્રામભાઈ ,,
૨૫૧ વિશ્રામભાઈ રામજીભાઈ ,,
૫૧ એમ. કે પટેલ બ્રધર્સ ,,
૫૧ પ્રેમજી મેઘજી ,,
૫૧ ભીમજીભાઈ પટેલ એન્ડ કું. ,,
૧૦૧ વાલજીભાઈ એન્ડ દયારામની કું. કલકત્તા
૧૦૧ જશરાજ એન્ડ રામજીભાઈ કું. હાવરા
૫૧ કરશન પ્રેમજીની કું. ,,
૫૧ અમરા નાગજીની ,, ,,
૫૧ કેશવલાલ એન્ડ મનજીભાઈની કું. કલકત્તા.
૨૦૧ એમ. કે. પટેલ એન્ડ કું હાવરા
૧૦૧ સામજી & માવજીભાઈની કું ,,
૨૦૧ ખેતાભાઈ જેઠાભાઈની કું કલકત્તા
૧૦૧ કાનજી એન્ડ શીવદાસ કું. ,,
૫૧ માવજીભાઈ રૈયાભાઈ ,,
૫૧ ખેતાભાઈ રાજાભાઈ કલકત્તા
૫૧ લાલજી કુંવરાજ ,,
૨૦૧ નારણભાઈ ખેતાભાઈ ,,
૫૧ ધનજી દેવશી ,,
૧૫૧ કાનજી શીવદાસ ,,
૧૦૧ શીવજી હંસરાજ ,,
૧૦૧ આર્યસંતાન સો. મીલ ,,
૧૦૧ કાનજી લાલજી ,,
૨૦૧ ધનજી વિશ્રામ ,,
૧૦૧ ખેતાભાઈ હરજીભાઈ ,,
૫૧ વાલજી પટેલ એન્ડ કું. હાવરા
૫૧ ભાણજી એન્ડ ધનજીની કું. ,,
૫૧ ભાણજી & કરશનભાઈની કું. ,,
૫૧ દેવજી ખેતા પટેલ એન્ડ કું. ,,
૨૧ નારણભાઈ કરશનભાઈ નરોડા રોડ-અમદાવાદ.
૧૦૧ શારદા વિજય સો. મીલ ,,
૧૦૧ પટેલ લાલજી જેઠા ઈસનપુર
૧૦૧ પટેલ ભીમજી જેઠા ,,

૧૦૫૭૮૧ કુલ ફાળો
૧૦૦૪૨૧ બાકી
૯૫૩૬૧



શ્રી ધનસુરા ધર્મશાળા (તલોદરોડ) માટે નોંધાએલી ઉમેદવારી રકમમાં બાકી રહેલી ઉઘરાણીની નોંધ.

૧૦૧) હીરજી લધા તગાવટીઆ
૧૨૫) કરસન વાલજી એદલપુરા
૫૧) લાલજી કરમશી ,,
૫૧) કરશન વીરજી નવાનગર
૫૧) હરિભાઇ પચાણ રામસી
૨૫। હરિભાઈ પચાણનાં ધર્મપત્નિ નાથીબાઈ રામસી
૬૧) દેવજી રામજી શેરપુરા
૧૦) શીવગણ પચાણ એદલપુરા
૫। લાલજી અમજી સામેડી
૧૦૧) ગોવિંદ કરશન તથા રામજી નાનજી ડડમતીઆ
૫૧) લાલજી મનજી સેરપુરા
૫૧) રાજન પરબત રામશી
૨૫) મેઘા શીવગણ ,,
૨૫) રતના વાલજી રામપુરા
૧૦। રતના વાલજીનાં માતાજી માનબાઈ રામપુરા
૨૫) નાનજી વિશ્રામ રણજિતપુરા
૧૦। ગોપાલ પુંજા ,,
૫) કાનજી વિશ્રામ
૫। માવજી વાલજી ,,
૫) કાના નથુ ,,
૫। માવજી લાલજી ઓયડી ટીમ્બા
૧૦૧) માધા ભીમજી અણીયેર
૫૧। રૈયા રામજી મોતીત્રેણી
૧૦। વાલજી ભીમજી કચ્છ કોટડા
૫) માધા કરશન એદલપુરા
૫। રવજી વાલજી કચ્છ કાદીઆ
૫) ભીમજી લાલજી ,, ,,
૨૫। કરશન અરજણ નાપા કંપા હ. ભાણજીભાઈ
૧૪) વાલજી લખુ કચ્છ નખમાણા

૧૦૪૨।



શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત)
હીરાપુર કંપા અધિવેશનના પ્રમુખ,
પટેલ કરમશીભાઈ વીરજીભાઈ મુ. હીરાપર કંપા.

“શ્રી કડવા પાટીદાર સ. સમાજ ગુજરાત”

હીરાપુરકંપા અધિવેશનનો હેવાલ.

—x—

તા. ૧૬-૪-૫૪ ના સાંજે સમાજની કાર્યવાહક કમીટીના સૌ સભ્યો હીરાપુરકંપે હાજર થયા અને રાત્રે ૯ વાગે કમીટીની, હીરાપુરવાસી ભાઈઓ સહિત મીટીંગ કરવામાં આવી. આગળથી હોસ્ટ મુજબ આસરે દોઢસો સ્વયંસેવકો અગાઉથી હાજર થઇ ભોજન સામગ્રી તૈયાર કરવામાં રોકાએલા હતા. બીજે દિવસ હીરાપુરકંપાવાસી શ્રી ધનજીભાઈ, શ્રી રામજીભાઈ, કરમશીભાઇ, લાલજીભાઈ, રતનશીભાઇ, કાનજીભાઇ તેમજ કેશવલાલભાઈ વગેરેનો પુર્ણ ઉત્સાહ અને પરિશ્રમથી સ્વયંસેવકોના સેવાકાર્ય વડે શાનદાર રીતે અધિવેશન મંડપની ગોઠવણી કરવામાં આવી. જેમાં જોઈતાં કપડાં, લાકડાં, દોરડાં વગેરેની બહુવિધ સામગ્રીનો હીરાપુર અને આજુબાજુના કંપા, ગઢકંપા, નગનપુરા, ભોયડીટીંબા વગેરે સ્થળેથી સારો સાથ આપવામાં આવ્યો. તેમજ ગઢકંપાવાસી ભાઈશ્રી મનજીભાઈ વાલજીભાઇએ અધિવેશન કાર્યમાં પોતાનો ખરો સહકાર આપી કાર્યને સફળ બનાવ્યું. મંડપમાં લાઈટ, લાઉડસ્પીકર, મુખ્ય સિદ્ધાંતિક અને સેવા સુત્રો, ધાર્મિક તેમજ રાષ્ટ્રિય ફોટાઓ તેમજ ધ્વજપતાકા વગેરેથી સારો બંદોબસ્ત કરવામાં આવ્યો. ચૈત્ર સુ. ૧૩ ના રોજે બરાબર સવારના દશેક વાગે સાડા પાંચેક હજારની સમાજની માનવમેદનીએ પધારીને કાર્યકર્તાઓને આભારી કર્યા. ઠીક તેજ ટાઇમે વકિલશ્રી ચુનીભાઈ દેસાઈજી (સાબરકાંઠા જીલ્લાના આગેવાન કાર્યકર)ની મોટરમાં તેમની સાથે પુજ્યશ્રી મહારાજ માધવરામજી પોતાની સાધુમંડળી સહિત પધાર્યા. સમાજના બહારગામના મહેમાનો શ્રી મણીભાઇ, અંબુભાઇ, વિઠ્ઠલભાઈ વગેરે સદ્‌ગૃહસ્થોએ દૂરદૂરથી પધારી સૌને આભારી કર્યા મુંબઇવાસી શ્રીમાન રતનશીભાઇ ખીમજીભાઈ શ્રી શીવદાસભાઈ કાનજી તેમજ શ્રી માવજીભાઈ તેમજ કચ્છથી શ્રીયુત નથુભાઈ નાનજી અને સામજીભાઈ વાલજી વગેરે મહેમાનોએ પધારી સૌને ઉત્સાહિત કર્યા. આસરે સાડાદસ વાગે સવારમાંજ સૌનો આગમન-સત્કાર (સામૈયા) વગેરે સત્કારમંત્રી શ્રી ધનજીભાઈ તેમજ શ્રી હીરજીભાઈ તરફથી કરવામાં આવ્યો. સૌ મંડપની મુખ્ય દ્વાર પાસે આવ્યાં ત્યારે પુજ્ય મહારાજશ્રી માધવરામજીના વરદ હસ્તે મંડપદ્વાર પર શ્રી [illegible]

VSAK: 15-Apr-1954

ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી અને સાથે સાથે વડિલશ્રી ચુનીભાઈના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની વિધિ કરવામાં આવી. મંડપમાં પ્રવેશી સૌ પોતપોતાના સ્થાને બિરાજ્યા, અને અગ્રગણ્ય વડિલો તેમજ મહેમાનોને યથાઉચિત હારતોરા કરવામાં આવ્યા. અધિવેશન પ્રમુખ શ્રીમાન કરમશીભાઈ વીરજીભાઈએ પોતાનું સ્થાન સંભાળ્યું. સ્વાગત પ્રમુખશ્રી હરજીભાઈ કરશનભાઈના તરફથી મંત્રીશ્રી દેવશીભાઈ રામજીભાઈએ તેમનું આભારદર્શક લેખિત ભાષણ વાંચી સંભળાવ્યું. જેમાં "આપ સૌએ પધારી, સમાજની કાર્યવાહક કમીટી, સ્વયંસેવકો અને હીરાપુરવાસી સર્વે ભાઈબ્હેનોને અત્યંત આભારી કર્યાં છે. અને અમારી ડગલે અને પગલે રહી ગએલી અગચિત ત્રુટિઓ તરફ રહેમદીલ રહો કૃતાર્થ કરશો" એની વિનંતી કરવામાં આવી.

અધિવેશન પ્રમુખ સાહેબ શ્રી કરમશીભાઈએ પણ લેખિત ભાષણ દ્વારા જણાવ્યું કે, "સમાજમાં મારાથી દરેક પ્રકારે વિશેષતા ધરાવતા બીજા વિદ્વાન ભાઈઓ હોવા છતાં આપ સૌએ, પ્રમુખસ્થાને મારા જેવા એક અલ્પજ્ઞની વરણી કરી છે તે માટે હું ખરેખર આપ સૌનો ઋણી છું અને મારી એ અલ્પજ્ઞતાને નિભાવી લઈ અધિવેશન કાર્યને દીપાવશો એવી આશા રાખું છું".

ત્યારબાદ પૂજ્ય મહારાજશ્રીએ સૌને ઉદ્દેશીને આશિર્વાદ સૂચક ટુકું એવું પ્રવચન કર્યું જેમાં ટુંક સમયમાં પોતાનું અહિં આવવાનું, તેમજ કચ્છ અને મુંબાઈના સામાજિક કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો (ત્યારબાદ સાડા-બારે સૌ સભાજનો ભોજનકાર્ય માટે ઉઠયા.)

સાંજના ચાર વાગે મંડપમાં જાહેર સભા રૂપે સૌ એકત્રિત થયા. ત્યારે મંત્રી શ્રીમાન દેવશીભાઈ તરફથી સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોને સભામાં આગળથી ગોઠવેલા ખાસ અગ્રસ્થાનોએ સ્થાનારુઢ થવા વિનંતી કરવામાં આવી અને નીચે મુજબના ભાઈઓએ પોતપોતાનાં સ્થાનો શોભાવ્યાં.

૧. હીરજીભાઈ કરશનભાઈ, ૨. શીવગણભાઈ વાલજીભાઈ, ૩. હંસ-રાજભાઈ નારણભાઈની વતીથી તેમના પુત્ર, ૪. વિશ્રામભાઈ શીવજીભાઈ. ૫. પચાણભાઈ લધાભાઈ, ૬. હરજીભાઈ કરમશીભાઈ, ૭. નારણભાઈ રતનશીભાઈ, ૮. રામજીભાઈ વિશ્રામભાઈ, ૯. વાલજીભાઈ શીવજીભાઈ, ૧૦.

મનજીભાઈ વાલજીભાઈ, ૧૧. રામજીભાઈ જશાભાઈ, ૧૨. કરશનભાઈ સોમજીભાઈ, ૧૩. ધનજીભાઈ વાલજીભાઈ, ૧૪. મેઘજીભાઈ નીમજીભાઈ, ૧૫. મુળજીભાઈ જીવરાજભાઈ, ૧૬. વીરમભાઈ પરબતભાઈ, ૧૭ રામજીભાઈ, ગોપાળભાઈ ૧૮. માવજીભાઈ લાલજીભાઈ, ૧૯. પચાણભાઈ શીવજીભાઈ, ૨૦. વિશ્રામભાઈ સોમજીભાઈ, ૨૧. હંસરાજભાઈ સોમજીભાઈ વગેરે આગેવાન ભાઈઓ તેમજ મહેમાનો પોતપોતાના સ્થાને બિરાજ્યા. શરૂઆતમાં પ્રાર્થના તેમજ રાષ્ટ્રગીત ગવાયા બાદ શ્રીમાન દેવશીભાઈ રામજીભાઈએ આજના અધિવેશન ભરવાનો ઉદ્દેશ અને સંયોગોને રજુ કરતું ટુંકું એવું પ્રવચન કર્યું. ત્યારપછી પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજીએ દૃષ્ટાંતો સહિત ધાર્મિક-તત્વને વર્ણવ્યું, છેવટે સમાજની ઉન્નતિના મુળ પાયારૂપ કેળવણી અને સંગઠ્ઠન માટેનો પુરતો ઉલ્લેખ કર્યો. કેળવણીના પ્રચાર સ્થંભરૂપ ગુજરાતમાં મધ્યવર્તી સ્થાને પાટીદાર સમાજની બોર્ડિંગ થવા ઉપર ખાસ ભાર મૂક્યો. ભાઈ ભાઈ વચ્ચેના તેમજ પાડોશીઓ પ્રત્યેના વ્યવહારિક પ્રસંગોમાં વાંધા વિખવાદ ન કરવા માટેની લાગણી પ્રધાન અપીલ કરી. તે સમયના વાતા-વરણને તેઓશ્રીએ એટલું ભાવભીનું કર્યું કે સભાજનોમાં કેટલાંયે ભાઈ-બ્હેનોને ધર્મ, બંધુત્વ, ઈશ્વર અને સંતસમાગમ વગેરે આદર્શોના પ્રત્યક્ષ અનુભવ અને પ્રભાવવડે આનંદાશ્રુ ઉભરાતાં હતાં.

મહારાજશ્રીના પ્રવચન બાદ શ્રી દેવશીભાઈ રામજીભાઈએ પાટીદાર સમાજને મધ્ય કેન્દ્ર હોય તેવા સ્થળે સમાજ તરફથી વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ થવા માટેનો ઠરાવ રજુ કર્યો. તેને શ્રી મુળજીભાઈ પ્રેમજીભાઈ, શ્રી મનજીભાઈ વાલજીભાઈ, શીવજીભાઈ સોમજીભાઈ, કેશવલાલ માવજીભાઈ વગેરે ભાઈઓએ ટેકો આપ્યો એટલે તે ઠરાવ ઉપર સભાજનોના મત લેતાં છેવટમાં સર્વાનુમતે તે ઠરાવને મંજુર કરવામાં આવ્યો. અને બોર્ડિંગ ફંડનો ઉમેદવારી ફાળો સભાજનોમાં શરૂ કરવામાં આવ્યો જે ફાળો આસરે સાઈઠ હજાર રૂપીઆનો તેજ વખતે નોંધાયો જેની નોંધ આગળ આપવામાં આવેલ છે. તેને ઉઘરાવવા માટે એક કમીટી નિમવાનો ઠરાવ પણ મંજુર કરવામાં આવ્યો તે કમીટી નાણાં ઉઘરાવી બેન્કમાં જમા મુકે અને ત્યારપછી દાનદાતાઓની એક સામાન્ય સભા બોલાવી તેમાંથી મતાધિકાર પદ્ધતિ વડે બોર્ડિંગ ટ્રસ્ટ નીમવાનું નક્કી રાખવામાં આવ્યું. શ્રીમાન ચુનીભાઈ દેસાઈ-ભાઈએ બોર્ડિંગ માટે જોઈતી જમીન કે જે મુકરર કરવામાં આવે તે સ્થાને પોતાની માલીકીની હોય તેવી અનુકુળ જગાએ સમાજ તરફથી પસંદ

કરવામાં આવે તો તે જમીન સમાજને દાનમાં આપવાની લાગણી જાહેર કરી. વકિલશ્રી ચુનીભાઈએ પોતાના અનુભવી પ્રવચનમાં સરળ વાણી વડે સમાજનો સમક્ષ એક અનેરો ભાવ રજુ કર્યો. પાટીદારો એક હોવાનો ઉલ્લેખ કર્યો. જર જમીનના મદને મુકી, સમયના પ્રવાહને પારખી, પોતાની ફરજો મુજબ, બીજાંઓના દુઃખ તરફ કર્તવ્ય બજાવવાની ખાસ અપીલ કરી.

ત્યારબાદ પ્રમુખશ્રી કરમશીભાઈની વતીથી શ્રીયુત દેવશીભાઈએ સમાજની કાર્યવાહક-કમીટીને સમાજ-સેવાનું કર્તવ્ય બજાવવા ખાસ ઉત્સાહ અને સંગઠન મક્કમ કરવાનો આગ્રહ કર્યો. અધિવેશન ખર્ચ માટે રૂ. ૧૦૦૧] શ્રી કરમશીભાઈ તરફથી નોંધવાનું જાહેર કર્યું અને તે ખર્ચ માટે સમાજનાં ભાઈ-બ્હેનો સ્વેચ્છાથી જે રકમ નોંધાવે તે લઈ બાકીની રકમ પ્રસંગવશ સમાજ સીલકમાંથી પુરી કરવાનું મંજુર રાખવામાં આવ્યું.

